**ખંભાત તાલુકા પંચાયતનુ 23 . 39 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર**

# ખંભાત તાલુકા પંચાયતનુ 23.39 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર

**આરોગ્ય** ક્ષેત્ર માટે તાલુકા સ્વભંડોળમાંથી માત્ર 70 હજાર જ ફાળવાતાં નારાજગી વ્યક્ત કરાઈ

(પ્રતિનિધિ) ખંભાત તા.12

ખંભાત તાલુકા પંચાયતનું વર્ષ 2025-26 માટેનું સુધારેલું અને વર્ષ 2026-27 માટેનું અસલ અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. કુલ રૂ. 1 અબજ 33 કરોડ 1 લાખ 66 હજાર 337નું પુરાંતવાળું આ બજેટ સામાન્ય સભામાં રજૂ કરાયું હતું.જેમાં મુખ્યત્વે વિકાસ અને પંચાયત ક્ષેત્રે રૂ. 26.50 લાખ અને શિક્ષણ ક્ષેત્રે રૂ. 7 લાખ જોગવાઈ બજેટમાં કરાઈ કરવામાં આવી છે. જ્યારે ખંભાતના 30 ગામના લોકોના આરોગ્ય અને કુંટબ કલ્યાણ હેઠળ માત્ર 70 હજાર ફાળવવામાં આવ્યા છે

આ બજેટ અંગેની સામાન્ય સભા ધારાસભ્ય ચિરાગભાઈ પટેલની ઉપસ્થિતિમાં અને પ્રમુખ શિવાનીબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બજેટમાં માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, આરોગ્ય, શિક્ષણ, ખેતીવાડી, સમાજ કલ્યાણ, પશુપાલન અને નાની સિંચાઈ સહિતના ક્ષેત્રોનો સમાવેશ થાય છે.ખંભાત તાલુકા પંચાયતની મુખ્ય આવકોમાં જમીન મહેસૂલ, ઈરીગેશન શેષ અને સ્ટેમ્પ ડ્યુટીનો સમાવેશ થાય છે. વર્ષ 2026-27 માટે રૂ. 23 કરોડ 47 લાખ 1 હજાર 337ની ઊઘડતી સિલકનો અંદાજ છે, જ્યારે અંદાજિત આવક રૂ. 1 અબજ 9 કરોડ 54 લાખ 65 હજાર રહેશે. આ આવક સામે રૂ. 1 અબજ 9 કરોડ 62 લાખનો સંભવિત ખર્ચ અંદાજવામાં આવ્યો છે, જેના પરિણામે વર્ષના અંતે રૂ. 23 કરોડ 39 લાખ 66 હજાર 337ની બંધ સિલક રહેશે.

નાયબ હિસાબનીશ પંકજભાઈ પ્રજાપતિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સ્વભંડોળના રૂ. 95.70 લાખમાંથી વિકાસના કામો માટે જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં સામાન્ય વહીવટ માટે રૂ. 41.65 લાખ, વિકાસ અને પંચાયત ક્ષેત્રે રૂ. 26.50 લાખ, શિક્ષણ ક્ષેત્રે રૂ. 7 લાખ, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ક્ષેત્રે રૂ. 70 હજાર, ખેતીવાડી ક્ષેત્રે રૂ. 1.75 લાખ, પશુપાલન ક્ષેત્રે રૂ. 35 હજાર, સમાજ કલ્યાણ ક્ષેત્રે રૂ. 6.50 લાખ, ગ્રામ્ય અને નાના ઉદ્યોગો (સહકાર) માટે રૂ. 25 હજાર, નાની સિંચાઈ ક્ષેત્રે રૂ. 6 લાખ અને પ્રકિર્ણ યોજનાઓ તથા કાર્યો માટે રૂ. 5 લાખનો સમાવેશ થાય છે.

## કઠલાલમાંમિનીટ્રકમાં ભયાનક આગ ભડકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

કઠલાલ તાલુકાના લાડવેલ-પાંખિયા રોડ પર આવેલા વિશ્વનાથપુરા વિસ્તારમાં ગત મધ્યરાત્રીએ ચાલતી આઈસર ટ્રકમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. રાત્રિના આશરે 2 વાગ્યે હાઈવે પર ટ્રકના એન્જિનમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા થોડા સમય માટે વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ કપડવંજ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયરની ટીમ કામગીરી પૂર્ણ કરે તે પહેલા ટ્રક અને તેમાં રહેલો સામાન સંપૂર્ણપણે નાશ પામ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી,

## ઉમરેઠમાં ‘ સ્વદેશી મેળા ’નો ફિયાસ્કો: સ્ટોલ ખાલી છતાં વીજળીનો ધુમાડો , તંત્રની ઘોર બેદરકારી



ઉમરેઠ નગરપાલિકા અને મિશન મંગલમ દ્વારા આયોજિત ‘સ્વદેશી મેળો’ આયોજનના અભાવે અને તંત્રની ઉદાસીનતાને કારણે સદંતર નિષ્ફળ રહ્યો છે. આ મેળાના પ્રારંભે 23 સ્ટોલ ફાળવાયા હતા, જેમાંથી હાલ માત્ર 4થી 5 સ્ટોલ જ ચાલુ હોવાથી ખરીદી કરવા આવતા નગરજનો નિરાશ થઈ પાછા ફરી રહ્યા છે. મોટાભાગના સ્ટોલ ખાલી હોવા છતાં આખો દિવસ લાઈટ અને પંખા ચાલુ રાખી સરકારી તિજોરી પર બોજ વધારી વીજળીનો બેફામ વેડફાટ કરવામાં આવી રહ્યો છે. પાલિકા સભ્ય દ્વારા ‘કટકી’ લઈને સ્ટોલ ફાળવાયા હોવાની ચર્ચાઓ વચ્ચે જવાબદાર કર્મચારીઓ કે સત્તાધીશો આ ગંભીર સ્થિતિની તપાસ કરવા પણ તૈયાર નથી. **તસવીર : ધનંજય શુકલ**

**કપડવંજ પાલિકામાં રૂ. 30 કરોડ ઉપરાંતનું પુરાંતવાળું પસાર કરાયું**

# કપડવંજ પાલિકાનું બજેટ માત્ર બે જ મિનિટમાં મંજૂર

**પ્રમુખના** અધ્યક્ષ પદે મળેલી બેઠકમાં વર્ષ 2026-27નું અંદાજપત્ર પસાર કરાયું



(પ્રતિનિધિ) કપડવંજ તા.12

કપડવંજ નગર સેવા સદન દ્વારા આગામી નાણાકીય વર્ષ 2026-27 માટેનું વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન કે. પંચાલના અધ્યક્ષ સ્થાને તેમની ચેમ્બરમાં યોજાયેલી બજેટ બોર્ડની બેઠકમાં શહેરના વિકાસકામો માટેનું 30 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

આ બેઠકની વિગતો મુજબ, બજેટ બોર્ડમાં ચીફ ઓફિસર મેહુલભાઈ પરમાર સહિત પાલિકાના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. નગરપાલિકાના કુલ 28 સદસ્યોમાંથી 14 સદસ્યોએ આ બેઠકમાં હાજરી આપી હતી, જ્યારે એક સદસ્ય ગેરહાજર રહેતા તેમની રજા ચિઠ્ઠી રજૂ કરવામાં આવી હતી.

વર્ષ 2026-27ના સામાન્ય અંદાજપત્રમાં શહેરની સુખાકારી માટે વોટર વર્ક્સ, ડ્રેનેજ, જનરલ સેનિટેશન અને જાહેર બાંધકામ ખાતાના કેપિટલ વર્ક્સ સહિતના મહત્વના પેટા બજેટનો મુસદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. આ બજેટમાં 30 કરોડ ઉપરાંતનું ટર્નઓવર અને રૂ. 6 લાખથી વધુની પુરાંત દર્શાવવામાં આવી છે. આશ્ચર્યજનક રીતે, આ સમગ્ર બજેટ પ્રક્રિયા અને મુસદ્દાને હાજર રહેલા સદસ્યોએ કોઈપણ લાંબી ચર્ચા વગર બે જ મિનિટમાં મંજૂરી આપી દીધી હતી.

**રૂ.3 .46લાખનાએલ્યુમિનિયમવાયરનીતસ્કરી**

# તારાપુરમાં 7 હજાર મીટર લાંબા વીજ વાયરની ચોરી

પાવર કટની ફરિયાદો બાદ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ જિલ્લાના તારાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તસ્કરોએ વીજ લાઈનને નિશાન બનાવી તરખાટ મચાવ્યો છે. ગલીયાણા-ગોલાણા રોડથી વીરકુવા તરફ પસાર થતી 11 KV વીજ લાઈનના આશરે 7035 મીટર વાયરની ચોરી થતા ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, અજાણ્યા તસ્કરોએ રાત્રિના સમયે થાંભલા પરથી કુલ 67 ગાળાના વાયરો કાપીને તેની ચોરી કરી હતી. ચોરાયેલા આ 55 એમએમ એ.સી. કંડક્ટર (એલ્યુમિનિયમ વાયર)ની અંદાજિત કિંમત રૂ. 3,46,180 જેટલી થાય છે.ફરિયાદ બાદ તપાસ તેજ આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે સ્થાનિક ગ્રાહકોએ પાવર કટ અંગે MGVCLમાં ફરિયાદો કરી હતી. તારાપુર MGVCLના નાયબ ઈજનેર હિરેનકુમાર પ્રવીણચંન્દ્ર મોદીએ જ્યારે સ્થળ પર તપાસ કરાવી, ત્યારે આ મોટા પાયે થયેલી વીજ ચોરીનો ખુલાસો થયો હતો. આ મામલે નાયબ ઈજનેરે તારાપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તારાપુર પંથકમાં છાશવારે વીજ વાયરોની થતી ચોરીથી તંત્ર પણ પરેશાન થઈ ગયું છે.

**વીરપુરના કુંભારવાસમાં પાણીના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલાયા**

# વીરપુરમાં ડીડીઓ સહિત ઉચ્ચ અધિકારીનો કાફલો સ્થળ પર દોડ્યો

**આરોગ્યની** 9 ટીમ દ્વારા ડોર-ટુ-ડોર સર્વે અને ક્લોરીનેશનની કામગીરી શરૂ

(પ્રતિનિધિ) વીરપુર તા.12

વીરપુરના કુંભારવાસમાં સંભવિત રોગચાળાની સ્થિતિને ધ્યાને રાખીને તંત્ર હરકતમાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી અને ડીઆરડીએ સહિતના ઉચ્ચ અધિકારીઓએ પ્રભાવિત વિસ્તારની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી.

વીરપુરના કુંભારવાસમાં પાણીની પાઈપલાઈનમાં લીકેજ અને દૂષિત પાણીની ફરિયાદો ઉઠતા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. સ્થિતિની ગંભીરતાને જોતા આરોગ્ય વિભાગની 9 ટીમ મેદાનમાં ઉતારી છે, જેમાં પ્રત્યેક ટીમમાં ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. આ ટીમો દ્વારા ઘરે-ઘરે જઈને ક્લોરીનેશન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને ગ્રામજનોને ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય કર્મચારીઓ દ્વારા લોકોને પાણી ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી રહી છે અને જો કોઈ વ્યક્તિ બીમાર જણાય તો તેને સીએસસી ખાતે રિફર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગની સ્થળ તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આશરે 10થી 12 ઘરોમાં ડોળું પાણી આવી રહ્યું છે. આ સમસ્યાના મૂળ સુધી પહોંચવા માટે આરોગ્ય અને પાણી પુરવઠા વિભાગ દ્વારા બોરના પાણી, પાણી પુરવઠાના પાણી અને વ્યક્તિગત ઘરોના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલનો રિપોર્ટ આવતીકાલ સુધીમાં આવવાની શક્યતા છે, જેના આધારે પ્રદૂષણનું ચોક્કસ કારણ જાણી શકાશે.

હાલમાં તંત્ર દ્વારા લીકેજ શોધવાની અને તેને દુર કરવાની કામગીરી પણ સમાંતર રીતે હાથ ધરવામાં આવી છે. જેથી રોગચાળાને ફેલાતો અટકાવી શકાય. આ સાથે ગ્રામજનોમાં પણ જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## એન . એસ . પટેલ આર્ટસ કોલેજ ખાતે ‘ સંશોધન પત્ર અને પ્રસ્તાવ લેખન ’ પર રાજ્યસ્તરીય વર્કશોપ યોજાયો



**આણંદ |** આણંદ સ્થિત એન. એસ. પટેલ આર્ટસ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા KCG ના પ્રાયોજકત્વ હેઠળ "હાઉ ટુ રાઇટ અ રિસર્ચ પેપર?" વિષય પર એક દિવસીય રાજ્યસ્તરીય કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. રોહિત શુક્લા અને મુખ્ય અતિથિ પ્રો. એ. એ. શેખે સંશોધન લેખ અને પ્રસ્તાવ તૈયાર કરવાની પ્રક્રિયા વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. વિવિધ શૈક્ષણિક સત્રોમાં ડો. એસ. એસ. કલમકર, ડો. બ્રિજેન પટેલ, ડો. ભારદ્વાજ વ્યાસ અને ડો. આત્મન શાહે સંશોધન પદ્ધતિશાસ્ત્ર, એકેડેમિક લેખન અને તેના મહત્વ વિશે નિષ્ણાત વ્યાખ્યાનો આપ્યા હતા.

## કઠલાલ કેથોલિક ચર્ચ ખાતે પવિત્ર ક્રોસના અવશેષનું સ્થાપન અને ભક્તિમેળો યોજાયો



**કઠલાલ |** ફાધર વિક્રમ મહિડાના નેતૃત્વમાં રોમથી લાવવામાં આવેલા પ્રભુ ઈસુના પવિત્ર ક્રોસના અવશેષનું રેવ. બિશપ રત્નાસ્વામીના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગે ગુજરાતભરમાંથી આશરે ત્રણ હજાર જેટલા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જ્યાં વિવિધ પંથકોના ભેદભાવ ભૂલીને અભૂતપૂર્વ ખ્રિસ્તી એકતાના દર્શન થયા હતાં. આ મહોત્સવ અંતર્ગત મેથોડિસ્ટ ચર્ચથી કેથોલિક ચર્ચ સુધી ભવ્ય રેલી યોજાઈ હતી અને ત્યારબાદ ભાવિકોએ નવનિર્મિત ‘તારણવાટિકા’ની મુલાકાત લઈ ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લીધો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## ચારૂસેટ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**આણંદ |** ચારૂસેટ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ‘WOMEN IN STEM’ થીમ પર યોજાયેલી રીલ્સ મેકિંગ સ્પર્ધામાં ક્વિના પટેલ, ખુશી મરાઠે અને ધ્યાન પટેલે વિજેતા બની રોકડ પુરસ્કાર મેળવ્યાં હતાં. કેળવણી મંડળના સહમંત્રી મધુબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મહિલા સ્ટાફ માટે લંચ, વિવિધ રમતો અને સ્મૃતિભેટ અર્પણ કરવાના કાર્યક્રમો યોજાયાં હતાં. ડો. ગાયત્રી દવે અને ડો. મૃણાલિની પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના તમામ મહિલા સ્ટાફે ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

## આણંદની વી .ઝેડ . પટેલ કોમર્સ કોલેજમાં મેગા પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઇ



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી.ઝેડ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દીમાં સ્વનિર્ભર બનાવવા માટે ભવ્ય પ્લેસમેન્ટ ડ્રાઇવનું સફળ આયોજન કરાયું હતું. આ ડ્રાઇવમાં 10 નામાંકિત કંપનીઓએ માર્કેટિંગ અને એકાઉન્ટિંગ જેવી વિવિધ 12 જોબ પ્રોફાઇલ્સ માટે કોલેજના અંદાજે 40 જેટલા વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ લીધા હતાં. કઠિન પસંદગી પ્રક્રિયાના અંતે 5 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ભારતીબેન રાજના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી કે.ડી. પટેલે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## આણંદની સરદાર વલ્લભભાઇ પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં ચેકઅપ કેમ્પ યોજાયો



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ શાળામાં અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને આંખોની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના ડો. નીકિતાબેન અને ડો. કૃપાલીબેનની ટીમ દ્વારા વિદ્યાર્થીઓની તપાસ કરી આંખના નંબરની સચોટ ચકાસણી કરવામાં આવી હતી. આ કેમ્પમાં જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને તેમની પસંદગીની ફ્રેમ મુજબના ચશ્માનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય બદલ શાળા પરિવાર અને વિદ્યાર્થીઓએ ગુજરાત તથા કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મોરડ પ્રાથમિક શાળામાં ધો .8ના વિદ્યાર્થીઓનો વિદાય-દાતા સન્માન સમારોહ યોજાયો



**પેટલાદ |** મોરડ ગામે અમેરિકા નિવાસી દાતા પ્રેમલતાબેન ત્રિવેદી પરિવાર દ્વારા શાળામાં કરાયેલ વિવિધ નિર્માણ કાર્યો અને દાન બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ધોરણ-8ના વિદ્યાર્થીઓનો વિદાય પ્રસંગ ઉજવાયો, જેમાં દાતા પરિવારે ત્રણેય શાળાઓના બાળકોને ખાસ ભોજન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચ અને આચાર્યઓએ દાતા પરિવારને સન્માનપત્ર એનાયત કર્યા અને વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. શિક્ષક પરેશભાઈ પટેલના સંકલન હેઠળ યોજાયેલ આ પ્રસંગે આચાર્ય મનીષભાઈ સુથારે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

## અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઘઉંમાં ‘ ગુલ્લીદંડા ’ નિંદણ નિયંત્રણ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** ધંધુકા અને આંબારેલીમાં ઘઉંમાં ‘ગુલ્લીદંડા’ નિંદણ નિયંત્રણ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિકોએ ખેડૂતોને પાકની ફેરબદલી અને શુદ્ધ બિયારણના ઉપયોગ દ્વારા નિંદણ અટકાવવા માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાતોએ રાસાયણિક નિયંત્રણ માટે ખાસ દવાઓના ઉપયોગ સાથે કમ્બાઈન હાર્વેસ્ટર સાફ કરીને વાપરવાની તેમજ અસરગ્રસ્ત ખેતરનું બિયારણ ન વાપરવા સલાહ આપી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. વિરેન્દ્રકુમાર પરમાર અને ડો. હર્ષ દેસાઈ દ્વારા ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને નિંદણના અસરકારક નિયંત્રણ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## કપડવંજના અશ્વિનભાઈ સોનેરીની ભાજપ કિસાન મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ પદે વરણી



**કપડવંજ |** ભારતીય જનતા પાર્ટીમાં સતત ૩૦ વર્ષથી સંગઠન માટે સમર્પિત એવા કપડવંજના નિષ્ઠાવાન કાર્યકર અશ્વિનભાઈ સોનેરીની ગુજરાત પ્રદેશ ભાજપની ટીમમાં વરણી કરવામાં આવી છે. તેઓને કિસાન મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકેની મહત્વની જવાબદારી સોંપાતા કપડવંજ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વરણી બદલ ખેડા જિલ્લા ભાજપ પરિવાર તેમજ કપડવંજના વિવિધ સામાજિક અને રાજકીય આગેવાનોએ અશ્વિનભાઈને રૂબરૂ મળીને અને સોશિયલ મીડિયા દ્વારા અભિનંદન પાઠવ્યા છે.

## કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં ‘ ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે ’ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**કપડવંજ |** કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ 1થી 4ના વિદ્યાર્થીઓના દાદા-દાદી માટે ‘ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે’ નિમિત્તે વિશેષ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂલકાઓએ ગીત, નૃત્ય અને બોધપ્રદ નાટક રજૂ કર્યા હતા, જ્યારે દાદા-દાદી માટે સંગીત ખુરશી જેવી મનોરંજક રમતો રમાડવામાં આવી હતી. શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલે બાળકોના જીવન ઘડતર અને સંસ્કાર સિંચનમાં વડીલોની અગત્યની ભૂમિકા વિશે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો, જે બદલ ટ્રસ્ટીગણે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં.

## કપડવંજ તાલુકા કોંગ્રેસ બક્ષીપંચ મોરચાના પ્રમુખ પદે ધનવંતસિંહ ચૌહાણની વરણી



**કપડવંજ |** કપડવંજ તાલુકાના લાડુજીના મુવાડા ગામના વતની અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ધનવંતસિંહ ચૌહાણની તાલુકા કોંગ્રેસ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ વરણી થતા જ કપડવંજ પંથકના સામાજિક અને રાજકીય આગેવાનો સહિત કોંગ્રેસના કાર્યકરોએ તેમને ઉમળકાભેર શુભકામનાઓ પાઠવી હતી. તેમની આ નિમણૂકથી સ્થાનિક રાજકીય વર્તુળોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

## XDuceએ દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં 24% વ્યૂહાત્મક હિસ્સો લીધો , ગ્લોબલ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે ભાગીદારી

**વડોદરા |** દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડમાં XDuce એ આશરે ૨૪ ટકાની વ્યૂહાત્મક હિસ્સેદારી હાંસલ કરી છે. આ રોકાણનો મુખ્ય હેતુ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), સાયબર સિક્યોરિટી અને વૈશ્વિક બજારમાં કંપનીની પકડ મજબૂત કરવાનો છે. દેવ આઈટી ક્લાઉડ સર્વિસીસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને મેનેજડ આઈટી જેવી વૈશ્વિક સેવાઓ પૂરી પાડતી કંપની છે. આ ભાગીદારીથી બંને સંસ્થાઓની સ્વતંત્ર કામગીરી જાળવી રાખીને વૈશ્વિક ડિજિટલ બિઝનેસને વેગ મળશે. XDuce ના ઉત્તર અમેરિકાના મજબૂત નેટવર્ક અને દેવ આઈટીની એન્જિનિયરિંગ ક્ષમતાઓનો સંયુક્ત લાભ ગ્રાહકોને મળશે. XDuce યુએસ અને યુકેમાં એઆઈ ઇનોવેશન અને ડિજિટલ એન્જિનિયરિંગ ક્ષેત્રે જાણીતું નામ છે. આ સોદા બાદ પણ બંને કંપનીઓની હાલની મેનેજમેન્ટ ટીમો યથાવત રહેશે અને કામગીરીમાં કોઈ વિક્ષેપ પડશે નહીં. આગામી સમયમાં બંને કંપનીઓ બ્લોકચેન, ક્લાઉડ અને ડેટા એનાલિટિક્સ જેવી નવી પેઢીની ટેકનોલોજી પર સંયુક્ત ધ્યાન કેન્દ્રિત કરશે. આ જોડાણ એન્ટરપ્રાઇઝ અને એસએમબીઓને આધુનિક ડિજિટલ સિસ્ટમ્સ ઝડપથી વિકસાવવામાં મદદરૂપ થશે. આમ, આ વ્યૂહાત્મક ભાગીદારીથી વૈશ્વિક આઈટી ક્ષેત્રે નવા આયામો સર થશે.